# કતારના શાહી કુટુંબ તરફથી ટ્રમ્પને ભેટમાં મળનાર રૂ. 3400 કરોડનું વિમાન ઉડતા મહેલ જેવું છે






દોહા, વોશિંગ્ટન, તા. ૧૩: અમેરિકી પ્રમુખનું સત્તાવાર વિમાન એરફોર્સ-વન તરીકે ઓળખાય છે જે ખાસ બનાવટનું વિમાન હોય છે જે મોટે ભાગે બોઇંગ કંપની બનાવે છે. હાલનું એરફોર્સ-વન વિમાન હવે જૂનુ થઇ ગયું છે અને તેને સ્થાને નવા બે વિમાન બનાવવા માટે અમેરિકા સરકાર તરફથી બોઇંગ કંપનીને લાંબા સમયથી ઓર્ડર અપાયો છે પણ આ બંને વિમામોની ડિલીવરી મળવામાં ઘણો વિલંબ થઇ રહ્યો છે તેથી અકળાયેલા વર્તમાન પ્રમુખ ટ્રમ્પે અન્ય કોઇ દેશ પાસેથી ખાસ બનાવટનું સેકન્ડ હેન્ડ વિમાન ખરીદવાની પણ વાત કરી હતી. તે પછી કતારના શાહી કુટુંબે તેની પાસેનું ખાસ ખાનગી બોઇંગ ૭૪૭ વિમાન ભેટ આપવાની દરખાસ્ત મૂકી છે અને ટ્રમ્પ તંત્રે આ દરખાસ્ત સ્વીકારી લીધી હોવાના અહેવાલ છે.

આ વિમાન એક ઉડતા વૈભવી મહેલ જેવું છે. જો કે તે દસ વર્ષ જુનું છે પણ તે કોઇ સસ્તી ભેટ નથી. હાલમાં તેની કિંમત ૪૦ કરોડ ડોલર જેટલી થાય છે. તેમાં એક માસ્ટર બેડરૂમ, એક ગેસ્ટ બેડરૂમ, શાવરો સાથેના બે ફૂલ બાથરૂમ, નવા નાની લેવેટરીઓ, પાંચ નાના રસોડાઓ અને એક ખાનગી ઓફિસ છે. નવા વિમાનો મળે ત્યાં સુધી આ વિમાન એરફોર્સ-વનનો દરજજો લઇ શકે છે. તેમાં ૪૦ ટીવી છે, જેમાં ૧૦ તો મોટી સ્ક્રીનના ટીવી છે. તે ૯૦ મુસાફરો અને ૧૪ કર્મચારીઓને લઇ જઇ શકે છે.

# એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાં ભરઆકાશે એસી બંધ થઇ જતા મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા




**એક** પ્રવાસીએ મુસાફરોની કફોડી હાલત દર્શાવતો વીડિયો સોશ્યલ મીડિયા પર મૂક્યો

નવી દિલ્હી, તા. ૧૩: એર ઇન્ડિયા એક્સપ્રેસ એરલાઇનની દિલ્હીથી ભુવનેશ્વર જઇ રહેલી ફ્લાઇટમાં મધ્ય આકાશે એર કન્ડિશનિંગ સિસ્ટમ ફેઇલ થઇ જતા મુસાફરોએ બે કલાક જેટલા સમય સુધી સખત ગરમીમાં પરેશાન થવું પડ્યું હતું.

આ વિમાનમાં પ્રવાસ કરી રહેલા ગુરુગ્રામના એક મુસાફરે તેના એક સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર ફ્લાઇટના મુસાફરોની કફોડી હાલત દર્શાવતો એક વીડિયો પણ મૂક્યો હતો. તુષારકાંત રાઉત નામના આ મુસાફરે તેના લિંકડઇન એકાઉન્ટ પર મૂકેલો આ વીડિયો ઘણો વાઇરલ થયો છે.

# ટ્રમ્પ સાઉદી અરેબિયા પહોંચ્યા: અમેરિકા-સાઉદી વચ્ચે ૧૪૨ અબજ ડોલરનો સંરક્ષણ સોદો






**ઇરાનને** નવો અણુ કરાર કરવા માટે હાકલ કરી

**ભારત**-પાક. વચ્ચે પોતે સંધિ કરાવી હોવાનું ગાણું સાઉદીમાં પણ ગાયું!

રિયાધ, તા. ૧૩: બીજી વાર અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના પ્રથમ વિદેશ પ્રવાસમાં સાઉદી અરેબિયા પહોંચ્યા છે, જ્યાં અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે એક જંગી સંરક્ષણ સોદો થયો છે.

અમેરિકા અને સાઉદી અરેબિયાએ આજે ૧૪૨ અબજ ડોલર(૧૨.૧ લાખ કરોડ રૂપિયા)ના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. વ્હાઇટ હાઉસે આને ઇતિહાસનો સૌથી મોટો સંરક્ષણ સોદો ગણાવ્યો છે. આ કરાર હેઠળ સાઉદી અરેબિયાને સી-૧૩૦ ટ્રાન્સપોર્ટ વિમાન, મિસાઇલો, રડાર સિસ્ટમ અને અનેક આધુનિક શસ્ત્રો આપવામાં આવશે. તે લોકહીડ માર્ટિન, બોઇંગ અને નોર્થરોપ ગ્રુમ્મન જેવી અમેરિકી કંપનીઓ તરફથી મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં પોતાની પહેલી ટર્મ વખતે પણ પ્રથમ વિદેશ યાત્રા પર ટ્રમ્પ સાઉદી અરેબિયા જ ગયા હતા, આ વખતે પણ તેમણે પોતાની પહેલી વિદેશ યાત્રા સાઉદી અરેબિયાની જ કરી છે. તેઓ ત્યાંથી કતાર અને યુએઇ જનાર છે. તેમની સાથે ઈલોન મસ્ક પણ છે.

સાઉદી અરેબિયામાં પ્રવચન કરતા અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઇરાનને નવો અને બહેતર માર્ગ અપનાવવાની અને નવો અણુ કરાર કરવાની વિનંતી કરી હતી, અને તે સાથે જ જો તે આ નહી કરે તો જંગી દબાણની પણ ચેતવણી આપી હતી. સાઉદી અરેબિયામાં બોલતા ટ્રમ્પે એ વાત દોહરાવી હતી કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ઐતિહાસિક યુદ્ધ વિરામ કરાર પોતાના તંત્રએ જ કરાવ્યો છે.

# કર્નલ સોફિયા કુરેશીને મધ્યપ્રદેશના મંત્રીએ ત્રાસવાદીઓની બહેન ગણાવતા ભારે વિવાદ

**કોંગ્રેસે** આ મંત્રીને ભાજપ કાઢી મૂકે તેવી માગણી કરી

રતલામ, તા. ૧૩: મધ્ય પ્રદેશ સરકારના એક મંત્રી અને ભાજપના નેતા કુંવર વિજય શાહે ઓપરેશન સિંદુરના બ્રીફિંગથી દેશભરમાં જાણીતા બની ગયેલા મહિલા લશ્કરી અધિકારી કર્નલ સોફિયા કુરેશીને ત્રાસવાદીઓની બહેન ગણાવતા ભારે વિવાદ થયો હતો, જેના પછી શાહે કહ્યું હતું કે મારા શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે.

એક કાર્યક્રમમાં બોલતા મધ્ય પ્રદેશના આદિજાતી બાબતોના મંત્રી કુંવર વિજય શાહે કહ્યું હતું કે જીન્હોંને હમારી બેટીયોં કા સિંદુર ઉજાડા, હમને ઉન્હી કી બહેન કો ભેજકર ઉનકી ઐસી કી તૈસી કર ડાલી એમ શાહે કહ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે તેમણે(આતંકીઓએ) હિન્દુઓના કપડા ઉતાર્યા અને મારી નાખ્યા, તો મોદીજીએ તેમને જવાબ આપવા તેમની બહેનને મોકલી.

# કાશ્મીર મુદ્દો એ ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષી મુદ્દો છે: વિદેશ મંત્રાલય

**ભારત**-પાક. વચ્ચે અણુ યુદ્ધની તૈયારી હતી એવા ટ્રમ્પના દાવાને વિદેશ મંત્રાલયે ફગાવ્યો

**હારીને** પણ ઢોલ વગાડવા એ પાકિસ્તાનની જૂની ટેવ છે



નવી દિલ્હી, તા. ૧૩: ભારતે આજે જણાવ્યું હતું કે તેની લાંબા સમયથી ચાલતી આવેલી નીતિ એ રહી છે કે કાશ્મીરનો મુદ્દો એ તેના અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષી મુદ્દો છે અને આ અભિગમમાં કોઇ ફેર પડ્યો નથી.

આ નિવેદન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કાશ્મીર મુદ્દા પર મધ્યસ્થી કરવાની નવી ઓફર પછી આવ્યું છે. અમારો લાંબા સમયથી રાષ્ટ્રીય અભિગમ છે કે ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને લગતા કોઈપણ મુદ્દા ભારત અને પાકિસ્તાન દ્વારા દ્વિપક્ષીય રીતે ઉકેલવા જોઈએ એમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું. તે નીતિ બદલાઈ નથી. જેમ તમે જાણો છો, બાકી રહેલો મુદ્દો પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલ ભારતીય પ્રદેશને ખાલી કરાવવાનો છે એમ તેમણે કહ્યુ હતું. જયસ્વાલ ટ્રમ્પની ઓફર પરના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

ટ્રમ્પ દ્વારા પરમાણુ યુદ્ધ અંગેની અટકળો પર જયસ્વાલે કહ્યું કે લશ્કરી કાર્યવાહી સંપૂર્ણપણે પરંપરાગત ક્ષેત્રમાં હતી. કેટલાક અહેવાલો હતા કે પાકિસ્તાનની નેશનલ કમાન્ડ ઓથોરિટી 10 મેના રોજ મળશે. પરંતુ બાદમાં તેમના દ્વારા આ વાતને નકારી કાઢવામાં આવી હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રીએ પોતે રેકોર્ડ પર પરમાણુ દ્રષ્ટિકોણને નકારી કાઢ્યો છે એમ જયસ્વાલે કહ્યું હતું. જેમ તમે જાણો છો, ભારતનું મક્કમ વલણ છે કે તે પરમાણુ બ્લેકમેઈલને તાબે થશે નહીં અને તેના આધારે સરહદ પારનો આતંકવાદ ચલાવવા દેશે નહીં એમ તેમણે કહ્યું હતું. પાકિસ્તાનના વિજયના દાવા અંગે તેમણે કહ્યું હતું કે હારી જઈને પણ ઢોલ વગાડવું એ પાકિસ્તાનનો જૂનો અભિગમ છે. હારી જઈને પણ વિજયનો દાવો કરવો એ તેની જૂની ટેવ છે. ૧૯૭૧, ૧૯૭૫ અને ૧૯૯૯માં પણ તેણે એવું કર્યું હતું એમ જયસ્વાલે કહ્યું હતું.

# સીબીએસઈ ધો. 10 અને 12નાં પરિણામો: છોકરીઓએ છોકરાઓ કરતાં સારો દેખાવ કર્યો

**90 ટકાથી** વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં થોડો ઘટાડો

નવી દિલ્હી, તા. ૧૩ (પીટીઆઈ) સીબીએસઈ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓમાં છોકરીઓએ છોકરાઓ કરતાં પાંચ ટકાથી વધુનો સારો દેખાવ કર્યો, જ્યારે બન્ને ધોરણોમાં ૯૦%થી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ગયા વર્ષ કરતાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. એમ બોર્ડના પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે જણાવ્યું હતું. બંને વર્ગોમાં પાસ થવાની ટકાવારીમાં નજીવો વધારો જોવા મળ્યો.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ના બંને વર્ગોના બોર્ડ પરીક્ષાના પરિણામો સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા.

# ગભરાયેલા પાકિસ્તાને કહ્યું: અમે ત્રાસવાદ સાથેના સંબંધો તોડી નાખ્યા છે

**પાકિસ્તાનના** વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, તેઓ તાજેતરની યુદ્ધવિરામ સમજૂતી પ્રત્યે પ્રતિબદ્ધ છે, મોદીનાં ભાષણને ફગાવ્યું

ઈસ્લામાબાદ, તા. 13: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે (૧૩ મે, ૨૦૨૫) પંજાબના આદમપુર એરબેઝ પરથી આતંકવાદના મુદ્દા પર પાકિસ્તાનને સીધો અને સ્પષ્ટ જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ સ્પષ્ટપણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર ફક્ત મુલતવી રાખવામાં આવ્યું છે, તેને કાયમ માટે બંધ કરવામાં આવ્યું નથી. પીએમ મોદીએ કહ્યું હતું કે ભારત પાકિસ્તાનના દરેક પગલાને તેના વલણના આધારે માપશે. પીએમ મોદીના આ નિવેદન બાદ પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફની પ્રતિક્રિયા સામે આવી છે.

જિયો ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં ખ્વાજા આસિફે કહ્યું હતું કે, પાકિસ્તાને આતંકવાદ સાથેના બધા સંબંધો તોડી નાખ્યા છે. ફરી એકવાર પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ આતંકવાદના મુદ્દા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ખ્વાજા આસિફે કહ્યું, ''દુનિયાના દેશો પાકિસ્તાન આવીને તપાસ કરી લે કે અહીં આતંકવાદી છાવણીઓ છે કે નહીં. અમે વર્ષો પહેલા આતંકવાદ સાથેના અમારા બધા સંબંધો તોડી નાખ્યા છે.''

દરમિયાન રોઈટર્સના જણાવ્યા અનુસાર, મોદીના સંબોધન પર પ્રતિક્રિયા આપતાં પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ''તેઓ તાજેતરની યુદ્ધવિરામ સમજૂતી પ્રત્યે પ્રતિબદ્ધ છે, તણાવ ઓછો કરવા અને પ્રાદેશિક સ્થિરતા માટે જરૂરી પગલાં લઈ રહ્યા છે.''

રોઈટર્સે દેશના વિદેશ મંત્રાલયને ટાંકીને કહ્યું હતું કે, ''પાકિસ્તાન ભારતીય વડા પ્રધાનના ઉશ્કેરણીજનક અને ભડકાઉ દાવાઓને નકારી કાઢે છે.'' મંત્રાલયે એમ પણ કહ્યું કે, તેમને આશા છે કે ભારત પ્રાદેશિક સ્થિરતા અને તેના નાગરિકોની ભલાઈને પ્રાથમિકતા આપશે.

# પંજાબમાં લઠ્ઠાકાંડ: અમૃતસરમાં ઝેરી દારૂ પીવાથી 21નાં મોત

**10** લોકોની ધરપકડ, ડીએસપી, એસએચઓ સસ્પેન્ડ

**વિપક્ષી** પાર્ટીઓએ માન સરકાર પર કથિત દારૂ માફિયાઓને કાબૂમાં લેવામાં નિષ્ફળ હોવાનો આરોપ લગાવ્યો

ચંદીગઢ/અમૃતસર, તા. 13 (પીટીઆઈ) : પંજાબના અમૃતસર જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ઓછામાં ઓછા 21 લોકો, જેમાં મોટાભાગના દૈનિક વેતન મેળવનારાઓ (શ્રમજીવીઓ) નો સમાવેશ થાય છે, મૃત્યુ પામ્યા અને 10 અન્ય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, કથિત મુખ્ય આરોપી સહિત દસ લોકોની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે નાયબ પોલીસ અધિક્ષક (મજીથા) અમોલક સિંહ અને મજીથા પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર અવતાર સિંહને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આ દુર્ઘટના માટે આપ સરકારની ટીકા થઈ હતી, જેમાં વિપક્ષે મુખ્યમંત્રી ભગવંત માનના રાજીનામાની માંગ કરી હતી. રાજ્ય સરકારે કહ્યું કે મોટા ભાગના ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે અને તેમના માટે કડક સજા સુનિશ્ચિત કરવાની ખાતરી આપી હતી.

મુખ્યમંત્રી માનએ જણાવ્યું હતું કે, ''આ મૃત્યુ નથી, આ હત્યાઓ છે.'' જેમણે અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી અને પીડિતોના પરિવારોને મળ્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, ઝેરી દારૂ તૈયાર કરવા માટે મિથેનોલ - ઔદ્યોગિક ઉત્પાદનોમાં વપરાતું રસાયણ - જથ્થાબંધ રીતે ઓનલાઈન મેળવવામાં આવ્યું હતું.

મિથેનોલ એક હળવું, રંગહીન કાર્બનિક રાસાયણિક સંયોજન છે જે પીવામાં આવે ત્યારે ઝેરી હોય છે અને ઈથેનોલના સસ્તા વિકલ્પ તરીકે ગેરકાયદે રીતે આલ્કોહોલિક પીણાંમાં ઉમેરવામાં આવે છે, જે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતું આલ્કોહોલ છે.

અમૃતસર ગ્રામીણના મજીઠા અને કથુનાંગલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ 105 (બિનઈરાદાથી ગુનાહિત હત્યા) અને 103 (હત્યા) અને એક્સાઈઝ એક્ટ અને એસસી/એસટી એક્ટની સંબંધિત કલમો હેઠળ બે અલગ-અલગ કેસ નોંધવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે ભંગાલી, પાતાલપુરી, મારારી કલાન, તલવંડી ખુમ્મન, કરનાલા, ભાંગવાન અને થેરેવાલ ગામોમાં મૃત્યુ નોંધાયા હતા.

2020માં તરનતારન, અમૃતસર અને બટાલામાં નકલી દારૂ પીવાથી કુલ 120 લોકો મૃત્યુ પામ્યા હતા.

## પેજ 3

### આમિરે ગર્લફ્રેન્ડ ગૌરીને તેની માતા સાથે મળાવી



મુંબઈ, તા. 13: બોલીવુડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાને તાજેતરમાં જ તેની ગર્લફ્રેન્ડ ગૌરીનો પરિચય તેની માતા ઝીનત સાથે કરાવ્યો હતો. મધર્સ ડેની ઉજવણી માટે આમિરનો આખો પરિવાર સાથે જોવા મળ્યો હતો. જે તસવીરો સામે આવી છે તેમાં આમિરની માતા ઝીનત કેક કાપતી જોવા મળી રહી છે.

સામે આવેલી તસવીરોમાં આમિર ખાનની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ તેની માતા ઝીનતની પાછળ ઊભી જોવા મળી રહી છે. આ ઉજવણીમાં આમિર તેની બહેન નિખત અને ભત્રીજી સાથે જોવા મળ્યો હતો. જોકે, આખા સેલિબ્રેશનમાંથી આમિર અને ગૌરીના એકસાથે કોઈ ફોટા સામે આવ્યા નથી. તસવીરો પરથી સ્પષ્ટ થાય છે કે, આમિરનો પરિવાર ગૌરી અને તેમના સંબંધોથી ખૂબ ખુશ છે.

### ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે આલિયા ભટ્ટે કાન્સમાં પોતાનો ડેબ્યૂ મુલતવી રાખ્યો



મુંબઈ, તા. 13: અભિનેત્રી આલિયા ભટ્ટ, જે આજે 13 મેના રોજ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટનમાં હાજરી આપવાની હતી, તેણે પોતાનો ડેબ્યૂ રદ કરવાનો નિર્ણય લીધો છે. ભારત-પાકિસ્તાન સરહદ પરના તણાવને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઘટનાક્રમથી જોડાયેલાં સૂત્રોએ જણાવ્યું હતું કે, “આલિયાએ સરહદો પરના તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. ‘રાઝી’ અભિનેત્રીને આટલા મહત્ત્વપૂર્ણ સમયે કાન્સમાં જવાનું યોગ્ય લાગ્યું નહીં. જોકે, એનો અર્થ એ નથી કે તે નહીં જાય. આલિયાની ટીમ સરહદ પરની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને જો પરિસ્થિતિ શાંત રહેશે તો કાન્સમાં ભાગ લેવા બીજી કોઇ તારીખ પર વિચાર કરી શકે છે. જોકે, હાલમાં તેણે જવાનું ટાળ્યું છે.''

### કાન્સ 2025: પાયલ કાપડિયા જ્યુરી પેનલના ભાગ રૂપે ફોટોકોલ માટે હાજર રહી



કાન્સ, તા. 13: ભારતીય ફિલ્મ-નિર્માતા પાયલ કાપડિયાએ મંગળવારે 78મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ઉદઘાટન સમારોહમાં પ્રતિષ્ઠિત ગાલાના જ્યુરી પેનલના ભાગ રૂપે ફોટોકોલ માટે હાજરી આપી હતી. તેમની સાથે વિશ્વભરની પ્રખ્યાત હસ્તીઓ જોડાઇ હતી. ભારત અને ફ્રાન્સના સંયુક્ત નિર્માણ હેઠળ બનેલી ‘ઓલ વી ઇમેજિન એઝ લાઇટ’ નામની પોતાની પહેલી ફીચર ફિલ્મ માટે ગ્રાન્ડ પ્રિક્સ જીતનાર પ્રથમ ભારતીય દિગ્દર્શક તરીકે ઇતિહાસ રચ્યાના એક વર્ષ પછી પાયલ કાન્સમાં પરત ફરી રહી છે.

# ભારત-પાકિસ્તાનના યુદ્ધ વિરામ પછી ચીની ડીફેન્સ કંપનીઓના શેર ગગડી ગયા

**જે-૧૦સી** ફાઇટર જેટોની નિર્માતા કંપની એવિક ચેંગડુનો શેર તો ૯ ટકા જેટલો નીચો જતો રહ્યો

શાંઘાઇ, તા. ૧૩: ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામ થઇ ગયા બાદ આજે મંગળવારે ચીનની કેટલીક સંરક્ષણ સામગ્રીઓ તથા શસ્ત્રો બનાવતી કંપનીઓના શેરો ભારે વેચવાલીના દબાણ હેઠળ આવી ગયા હતા અને ગગડી ગયા હતા.

હેંગસેંગ ચાઇના એ એરોસ્પેસ/ડીફેન્સ ઇન્ડેક્સ આજે ૩ ટકા જેટલો નીચો જતો રહ્યો હતો. આ ઇન્ડેક્સ હેઠળ અનેક ડીફેન્સ કંપનીઓ આવે છે જેમાં એવીક ચેંગડુઅને ઝૂઝોઉ હોંગડા જેવી કંપનીઓ પણ આવી જાય છે જેમના શેર અનુક્રમપે ૮.૬ ટકા અને ૬.૩ ટકા જેટલા નીચા જતા રહ્યા હતા. એવીક ચેંગડુ એરક્રાફ્ટ એ જે-૧૦સી ફાઇટર જેટ વિમાનોની નિર્માતા કંપની છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઇશાક ડારે સંસદમાં જણાવ્યું હતું કે ભારતીય ફાઇટર જેટો સાથેની લડાઇમાં પાકિસ્તાને જે-૧૦સી ફાઇટરોનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ઝુઝોઉ હોંગડા ઇલેક્ટ્રોનિક્સ કોર્પ. લિ. એ પીએલ-૧૫ મિસાઇલોની નિર્માતા છે, જે મિસાઇલોનો ઉપયોગ પાકિસ્તાને કર્યો હતો.

એવીક ચેંગડુનો શેર તો ઇન્ટ્રાડમાં ૯.૩૧ ટકા જેટલો નીચો જતો રહ્યો હતો. વર્ષ ૨૦૨૦થી ૨૪ દરમ્યાન, ચીન એ પાકિસ્તાનનું સૌથી મોટું શસ્ત્ર વિક્રેતા રહ્યું છે. પોતાના આયાતમાંથી ૮૧ ટકા આયાત પાકિસ્તાને ચીન પાસેથી કરી હતી.

## બાંગ્લાદેશમાં ફરી રાજકીય તોફાન

# ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સવારે 3 વાગ્યાની ફ્લાઇટમાં લૂંગીમાં જ થાઇલેન્ડ જવા રવાના



નવી દિલ્હી, તા. 13: બાંગ્લાદેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્દુલ હમીદ સવારે 3 વાગ્યે ઢાકા આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી થાઈ એરવેઝની ફ્લાઇટમાં ચઢ્યા અને દેશ છોડીને ચાલ્યા ગયા હતા, જ્યારે મોટા ભાગના બાંગ્લાદેશીઓ ગાઢ નિદ્રામાં હતા. જ્યારે વચગાળાની સરકાર જાગી અને ખબર પડી કે શું થયું છે ત્યારે તેણે અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા અને બદલી કરી નાખી અને ઉચ્ચ સ્તરીય તપાસની રચના કરી. ગયા વર્ષે શેખ હસીના વિરોધી આંદોલન દરમિયાન વિરોધીઓ સામે લેવામાં આવેલા પગલાં માટે તપાસ કરાયેલા લોકોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હમીદનો પણ સમાવેશ થાય છે.

અબ્દુલ હમીદે 2013થી 2023 સુધી બે કાર્યકાળ માટે બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. 2024માં આંદોલન સમયગાળા દરમિયાન પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના અને તેમના સહાયકો સામે દાખલ કરાયેલા હત્યાના ઓછામાં ઓછા એક કેસમાં તેઓ સહ-આરોપી પણ છે. હસીના શાસન પર તેમને પદભ્રષ્ટ કરવા માટે નીકળેલા વિરોધીઓ પર ગોળીબાર કરવાનો અને તેમની હત્યા કરવાનો આરોપ હતો.

ઢાકા ટ્રિબ્યુન અનુસાર, 14 જાન્યુઆરીએ કિશોરગંજ સદર પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા હત્યા કેસમાં 81 વર્ષીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આરોપી છે, જેમાં હસીના અને તેમના પરિવારના સભ્યો, જેમ કે શેખ રેહાના, સજીબ વાઝેદ જોય અને સાયમા વાઝેદ પુતુલ, સહ-આરોપી છે. ભૂતપૂર્વ મંત્રી ઓબૈદુલ કાદર પણ આ કેસમાં સહ-આરોપી છે.

# આ લડાઇમાં ભારતનો સ્પષ્ટ વિજય થયો છે: ઓસ્ટ્રેલિયન યુદ્ધ વિશ્લેષકે કહ્યું

**ભાજપે** કહ્યું કે ટોમ કૂપર એ આદરણીય નિષ્ણાત છે અને વિશ્વ તેમને સાંભળે છે

મેલબોર્ન, દિલ્હી, તા. ૧૩: ઑસ્ટ્રિયન યુદ્ધ વિશ્લેષક અને લેખક ટોમ કૂપરે જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર પછી ચાર દિવસના લશ્કરી સંઘર્ષમાં ભારતનો પાકિસ્તાન પર સ્પષ્ટ વિજય થયો હતો.

ચાર દિવસના લશ્કરી સંઘર્ષ પછી ભારત અને પાકિસ્તાન 10 મેના રોજ યુદ્ધવિરામ કરાર પર પહોંચ્યા છે. ત્યારે ઑસ્ટ્રિયન યુદ્ધ અને ઉડ્ડયન વિશ્લેષક અને લેખક ટોમ કૂપરે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર પછી ચાર દિવસના સંઘર્ષમાં ભારતની સેનાએ પાકિસ્તાન પર સ્પષ્ટ વિજય મેળવ્યો હતો, જેના કારણે ઈસ્લામાબાદે યુદ્ધવિરામ માટે વિનંતી કરવી પડી હતી.

ભારત-પાકિસ્તાન સંઘર્ષ પરના તેમના બ્લોગમાં, કૂપરે લશ્કરી સંઘર્ષના પક્ષપાતી કવરેજ અંગે પશ્ચિમી મીડિયા દ્વારા પ્રચાર પ્રયાસો ની ટીકા કરી હતી. “જ્યારે એક પક્ષ બીજા પક્ષના પરમાણુ શસ્ત્રો સંગ્રહ સુવિધાઓ પર બોમ્બમારો કરી રહ્યો છે, અને બીજા પક્ષ પાસે તેનો જવાબ આપવાની ક્ષમતા નથી, ત્યારે તે મારા મતે સ્પષ્ટ વિજય છે એમ તેમણે કહ્યું હતું. આ કિસ્સામાં: ભારત માટે સ્પષ્ટ વિજય છે. કોઈ આશ્ચર્ય નથી કે ઈસ્લામાબાદે ‘યુદ્ધવિરામ’ માટે સાદ કર્યો. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાને હજુ સુધી લાંબા અંતરની મિસાઈલો વિકસાવી નથી અને, તેમની બધી બડાઈ મારવા છતાં, પાકિસ્તાન સશસ્ત્ર દળો પાસે એવી કોઈ મિસાઈલો નથી જે ભારતના બ્રહ્મોસ અને SCALP-EG ની બરાબરી કરી શકે. કૂપરે એ પણ જણાવ્યું કે કેવી રીતે ભારતના મિસાઈલ હુમલાઓએ નૂર ખાન અને સરગોધા સહિતના પાકિસ્તાનના હવાઈ મથકોને બરબાદ કરી દીધા. આના પછી ભાજપના IT વિભાગના પ્રભારી અમિત માલવિયાએ લખ્યું, ટોમ કૂપર વિશ્વના સૌથી આદરણીય લડાઈ ઉડ્ડયન ઈતિહાસકારોમાંના એક છે.